RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 347 * Date: 08.10.2026,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

રશિયા પર યુક્રેનનો ૯૦૦ ડ્રોન સાથે એટેક, મોસ્કોમાં ફ્યૂઅલ ડેપોનો નાશ



યુક્રેને રશિયાની રાજધાની મોસ્કો પર ૬૫૦થી વધુ ડ્રોન છોડ્યા, જેમાં ૨ રશિયનના મોત થયા. જવાબી કાર્યવાહીમાં રશિયાએ યુક્રેનના પુલોનો નાશ કર્યો અને ૫ લોકોને ઈજા પહોંચાડી. યુદ્ધ વધુ ઉગ્ર બનતા, યુક્રેન રશિયાના ઈંધણ ડેપોને નિશાન બનાવી રહ્યું છે, જ્યારે રશિયા યુક્રેનના બ્રિજ અને બંદરો પર હુમલા કરી રહ્યું છે.યુક્રેનના હુમલામાં બે રશિયનના મોત, રશિયાના વળતા હુમલામાં યુક્રેનના અનેક પુલોનો કચ્ચરઘાણ, પાંચ ઘાયલકીવ/મોસ્કો : રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ વધુ ઉગ્ર બની રહ્યું છે, યુક્રેને રશિયા પર ફરી ૯૦૦ જેટલા ડ્રોન છોડ્યા હતા. રશિયાએ યુક્રેનના જે વિસ્તારો પર કબજો કરી લીધો છે ત્યાં પણ યુક્રેને ડ્રોનનો મારો ચલાવ્યો હતો. મીડિયા રિપોર્ટ મુજબ મોસ્કોમાં પેટ્રોલ-ડીઝલના ડેપો પર ડ્રોન હુમલો થતા ભારે આગ લાગી હતી, જેમાં બે લોકો માર્યા ગયા હતા. જ્યારે રશિયાએ પણ યુક્રેનના બ્રિજને નિશાન બનાવી હુમલા કર્યા છે જેમાં પાંચ લોકો ઘાયલ થયા હતા.યુક્રેન ઘણા સમયથી રશિયાના અંતરિયાળ વિસ્તારો સુધી હુમલા કરી શકે તેવા ડ્રોનનો ઉપયોગ વધારી રહ્યું છે. થોડા દિવસો પહેલા જ મોસ્કોને ટાર્ગેટ કરીને એક હજાર જેટલા ડ્રોન છોડ્યા હતા. હવે ફરી ૯૦૦ જેટલા ડ્રોન છોડવામાં આવ્યા છે. જેમાં રશિયાની રાજધાની મોસ્કોને ફરી નિશાન બનાવી છે. રશિયાએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે અમે યુક્રેન દ્વારા છોડાયેલા ૯૦૦માંથી મોટાભાગના ડ્રોનને હવામાં જ તોડી પાડ્યા હતા. જોકે સ્થાનિક મીડિયાના દાવા મુજબ કેટલાક ડ્રોન મોસ્કો સુધી પહોંચીને ઈંધણના ડેપો પર ત્રાટક્યા હતા. મોસ્કોના મેયર સેરગેઈ સોબ્યાનીને કહ્યું હતું કે યુક્રેને સોમવારથી મંગળવાર વચ્ચે મોસ્કો પ્રાંત પર આશરે ૬૫૦ જેટલા ડ્રોન છોડ્યા હતા. જેમાંથી મોટાભાગનાનો નાશ કરાયો હતો.યુક્રેન વારંવાર રશિયાના ઓઈલ મથકો, ઈંધણ ડેપોને નિશાન બનાવી ડ્રોન હુમલા કરી રહ્યું છે. તાજેતરમાં જ યુક્રેને કહ્યું હતું કે તેણે રશિયાની રિફાઈનરીની ૫૧ ટકા ક્ષમતાને નિષ્ક્રિય કરી નાખી છે. યુક્રેને સાથે એવો પણ દાવો કર્યો છે કે રશિયા અમારા પર મોટો હુમલો કરવાની તૈયારીમાં છે. જોકે અમે આવા કોઈ પણ હુમલાને નિષ્ફળ બનાવવા માટે તૈયાર છીએ. રશિયા યુક્રેનમાં બ્રિજ પર બહુ હુમલા કરી રહ્યું છે, અત્યાર સુધી કિવમાં અનેક આવા બ્રિજ રશિયાએ તોડી પાડ્યા હતા, હવે ઝેપોરિઝાઝિયા શહેરમાં ડીનીપ્રો નદી પરના અનેક બ્રિજો પર રશિયાએ હુમલા કર્યા છે. કેટલાક બ્રિજો તુટી પડતા ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. રાત્રે રશિયાએ કરેલા .

અંબાજીમાં નવરાત્રી મહોત્સવની તૈયારીઓ શરૂ

કોરિડોરની કામગીરી છતાં ગરબા થશે; ૧૧ ઓક્ટોબરથી ઉત્સવનો પ્રારંભ, દિવસમાં ત્રણ આરતી થશે; પાર્કિંગની વૈકલ્પિક વ્યવસ્થા



યાત્રાધામ અંબાજી શક્તિપીઠ ખાતે આગામી ૧૧ ઓક્ટોબરથી નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે, જેને લઈને ભવ્ય તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મંદિરમાં કોરિડોરની કામગીરી ચાલુ હોવા છતાં ચાચરચોકમાં પરંપરાગત રીતે ગરબાનું આયોજન કરવામાં આવશે. તહેવાર દરમિયાન દર્શનાર્થીઓ દિવસમાં ત્રણ વાર આરતીનો લાભ લઈ શકશે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટી તંત્રે પાર્કિંગ અને વાહનવ્યવહાર માટે વૈકલ્પિક રસ્તાઓની વિશેષ વ્યવસ્થા ગોઠવી છે.અંબાજી શક્તિપીઠ ખાતે આગામી ૧૧ ઓક્ટોબરથી નવરાત્રી મહોત્સવનો ધામધૂમથી પ્રારંભ થઈ રહ્યો છે. પ્રથમ દિવસે સવારે ૯:૦૦ થી ૧૦:૩૦ કલાક દરમિયાન શાસ્ત્રોક્ત વિધિથી ઘટસ્થાપન કરવામાં આવશે. દુર્ગાષ્ટમી અને આસો પૂનમના પવિત્ર દિવસે સવારે ૬:૦૦ કલાકે ખાસ આરતી યોજાશે. આઠમના દિવસે જવેરાનું ઉત્થાપન કરાશે અને ભક્તો દિવસમાં ત્રણ વાર આરતીના દર્શન કરી શકશે.નવરાત્રી મહોત્સવ દરમિયાન માં અંબાના દર્શન અને આરતીના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સવારે ૭:૩૦ થી ૮:૦૦ આરતી તથા ૮:૦૦ થી ૧૧:૩૦ અને ૧૨:૩૦ થી ૪:૧૫ સુધી દર્શન થઈ શકશે. સાંજે ૬:૩૦ થી ૭:૦૦ આરતી અને ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી દર્શન યોજાશે. દર્શન પૂર્ણ થયા બાદ ચાચરચોકમાં ખેલૈયાઓ માટે રાસ-ગરબાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.



સીસીટીવી-પ્રવેશ પર ૧૦ બાઉન્સરો

સમર્પણ ચોક નવરાત્રી મહોત્સવમાં પહેલીવાર ત્રણ સ્ટેપનું LED સ્ટેજ યલો ઓફ લાઇટથી ઝળહળશે



મહેસાણાના ધોબીઘાટ સ્થિત શહેરના સૌથી જૂના સમર્પણ ચોકમાં આ વર્ષે નવરાત્રીનો અનોખો રંગ જોવા મળશે. માતાજીની રજવાડી માંડવીની આસપાસ યલો ઓફ લાઇટની રોશની વચ્ચે ગરબાની રમઝટ જામશે. ખાસ વાત એ છે કે આ વર્ષે પહેલીવાર ૬૦ બાય ૪૦ ફૂટના ત્રણ સ્ટેપમાં તૈયાર કરવામાં આવેલું એલઇડી સ્ટેજ આકર્ષણ બનશે.સમગ્ર ચોકને ટ્રેડિશનલ અને રજવાડી થીમથી શણગારવામાં આવી રહ્યો છે. હેદરી ચોકથી લઈને વી.કે. બંગ્લોઝ સુધી વિશેષ રોશની તેમજ ચોકની બંને બાજુ ભવ્ય રજવાડી લૂક ધરાવતા પ્રવેશદ્વાર તૈયાર કરાશે.એકસાથે અંદાજે ૩,૦૦૦થી ૩,૫૦૦ લોકો ગરબા રમી શકે તેવી વ્યવસ્થા કરાઇ છે. આ વર્ષે નવરાત્રી મહોત્સવ પાછળ અંદાજે રૂ.૬૦થી ૭૦ લાખનું બજેટ રખાયું હોવાનું આયોજકોએ જણાવ્યું છે.સમગ્ર સંકુલ સીસીટીવી કેમેરાની નજર હેઠળ રહેશે. બંને પ્રવેશદ્વાર પર ૧૦ બાઉન્સર અને ચોકની અંદર ૪૦ સ્વયંસેવકો તૈનાત રહેશે.શહેરના સૌથી જૂના સમર્પણ ચોકના ગ્રાઉન્ડમાં યોજાતા નવરાત્રી મહોત્સવમાં મહિલાઓ અને દીકરીઓ માટે ગરબાની વિશેષ વ્યવસ્થા કરાઇ છે.

અમદાવાદની ૧૦ સ્કૂલ-મોદી સ્ટેડિયમને બોમ્બથી ઉડાવવાની ધમકી

અમદાવાદની ૧૦ સ્કૂલને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી. બોમ્બ થ્રેટના મેઈલની જાણ થતા જ બોમ્બ સ્કવોર્ડ, ફાયર વિભાગ, પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ ઝાયડસ સ્કૂલ પર પહોંચી હતી. વેજલપુરની ઝાયડસ સ્કૂલ સહિતની ૧૦ સ્કૂલને બોમ્બથી ઉડાવવાનો મેઈલ મળ્યો હતો. જે બાદ વાલીઓને તાત્કાલિક બાળકોને ઘરે લઈ જવા સૂચના આપી દેવામાં આવી હતી. જેના કારણે વાલીઓમાં દોડધામ મચી હતી. ઝાયડસ સહિતની સ્કૂલે વિદ્યાર્થીઓને વહેલા છોડી દીધા છે.'અમદાવાદ ગુજરાત બોલેગા ખાલિસ્તાન ઝિંદાબાદ' લખીને મેઈલ કર્યો છે. જેમાં ગુજરાતની સ્કૂલને ૧૧:૧૧એ ઉડાવવાની ધમકી આપવામાં આવી છે. ૨૧ નવેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને ૧ નવેમ્બરે નવ્વ સ્ટેડિયમ દિલ્હી કે જ્યાં દિલજીતની કોન્સર્ટનો ઉલ્લેખ કરીને ધમકી આપવામાં આવી. શાળા દ્વારા દીકરીને ઘરે લઈ જવા માટે મેસેજ કરવામાં આવ્યો હતો. જેથી હું અત્યારે શાળાએ આવીને તેને ઘરે લઈ જઈ રહ્યો છું. જ્યારે જ્યારે આવા મેસેજ મળે કે શાળાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી તો ડર લાગતો હોય છે. શું થશે? શું થયું હશે તેવો ડર લાગતો હોય છે.૧૦ સપ્ટેમ્બરે ગુજરાત વિધાનસભા, ગાંધીનગર કોર્ટ અને અમદાવાદમાં સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. 'ગુજરાત બોલશે ખાલિસ્તાન ઝિંદાબાલ' લખીને બપોરે ૧ વાગ્યાને ૧૧ મિનિટે સ્કૂલમાં અને ૨ વાગ્યાને ૧૧ મિનિટે કોર્ટમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનો આ ધમકીભર્યો મેઈલ કરવામાં આવ્યો હતો. જો કે સુરક્ષાને લઈ ડોગ સ્કવોર્ડ અને પોલીસની તપાસ દરમિયાન વિધાનસભામાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી અને વિધાનસભાની કાર્યવાહી રાબેતા મુજબ અને સમયસર શરૂ થઈ હતી.

તંત્રી લેખ

લગભગ સવા ત્રણ વર્ષના ગાળા બાદ આજે વ્યાજ દરમાં વધારો થવાની વકી

મુંબઈ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) ત્રણ દિવસની બેઠકના અંતે આવતી કાલે રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરશે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. ઊંચા ફુગાવા, રૂપિયામાં નબળાઈ, ઊંચી વૈશ્વિક બોન્ડ યીલ્ડસ તથા ક્રુડ તેલના ભાવમાં ફરી ઉછાળાને ધ્યાનમાં રાખી લગભગ સવાત્રણ વર્ષના ગાળા બાદ વ્યાજ દરમાં પહેલી જ વખત વધારો જોવા મળવા સંભવ છે.

ઊંચા ફુગાવાને પરિણામે એશિયાના વિવિધ દેશોએ પણ તાજેતરમાં વ્યાજ દરમાં વધારો કર્યો છે. વ્યાજ દરમાં વધારો કરીને એમપીસી ન્યુટ્રલ પોલિસિ સ્ટાન્સ જાળવી રાખી નજીકના ભવિષ્યમાં રેપો રેટમાં વધારો કરવાનો વિકલ્પ ખુલ્લો રાખશે.

એમપીસીની ઓગસ્ટની બેઠક બાદ ફુગાવામાં વધુ વધારો થયો છે અને ક્રુડ ઓઈલના ભાવ પણ બેરલ દીઠ ફરી ૧૦૦ ડોલર નજીક પહોંચી ગયા છે.રિઝર્વ બેન્કે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટ ૦.૨૫ ટકા વધારી ૬.૫૦ ટકા કર્યો હતો અને ત્યાર બાદ તેમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.દેશમાં ફુગાવો હાલમાં પાંચ ટકાની નજીક છે અને ટૂંક સમયમાં રિઝર્વ બેન્કની છ ટકાની મહત્તમ રેન્જ સુધી પહોંચી જવા સંભવ છે. અલ નિનોની અસરને કારણે વર્તમાન વર્ષમાં કૃષિ ઉત્પાદન પર અસર જોવા મળવાની શકયતા રહેલી છે. આ અસરને કારણે ખાદ્ય પદાર્થનો ફુગાવો પણ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં રિઝર્વ બેન્ક રેપો રેટ પા ટકા વધારી ૫.૫૦ ટકા સુધી લઈ જશે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.દેશના આર્થિક વિકાસ દરના સાનુકૂળ સ્તર વચ્ચે રેપો રેટમાં પા ટકાનો વધારો વિકાસ સામે કોઈ રુકાવટ નહીં લાવે.

અરવલ્લી જિલ્લના અંતરિયાળ વિસ્તારમાં નિરામય કેમ્પ દ્વારા આરોગ્ય સેવાઓ પહોંચાડાઈ



અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં વસતા નાગરિકોને તેમના નજીકના સ્થળે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુસર આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ભિલોડા તાલુકાના આયુષ્માન આરોગ્ય મંદિર–ભાણમેરના સ્ટાફ દ્વારા ભાણમેરના અંતરિયાળ વિસ્તારમાં આવેલી મનરેગા રાહત સાઈટ ખાતે નિરામય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન મનરેગા કામદારો તેમજ સ્થાનિક લાભાર્થીઓની બિનચેપી રોગો (દ્વઝઢ)ની વહેલી ઓળખ માટે આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. જેમાં બ્લડ પ્રેશર, બ્લડ શુગર સહિતની જરૂરી આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી હતી.

તપાસણી દરમિયાન જોખમ ધરાવતા લાભાર્થીઓને જરૂરી આરોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ જરૂરિયાત મુજબ વધુ સારવાર અને આરોગ્ય સેવાઓ સાથે જોડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આરોગ્યપ્રદ જીવનશૈલી, યોગ્ય આહાર, નિયમિત કસરત તથા બિનચેપી રોગોથી બચવા માટે જરૂરી સાવચેતી અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન તપાસણી બાદ જરૂરિયાત મુજબ લાભાર્થીઓને જરૂરી દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. અંતરિયાળ વિસ્તારમાં કાર્યસ્થળ નજીક જ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના આ પ્રયાસથી મનરેગા કામદારો અને સ્થાનિક નાગરિકોને સરળતાથી પ્રાથમિક આરોગ્ય સેવાઓનો લાભ મળ્યો હતો.

સેવા મેરા યોગદાન અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ૪૯ રક્તદાતાઓએ ૧૭,૧૫૦ સી.સી. રક્તનું દાન કર્યું



"સેવા મેરા યોગદાન" અંતર્ગત અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થાય તેમજ નાગરિકોમાં સ્વૈચ્છિક રક્તદાન અંગે જાગૃતિ વધે તે આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો.આ અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જનાલી, વડાગામ અને ભેંસવાડા ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં આરોગ્ય કર્મચારીઓ તેમજ ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. ત્રણેય કેમ્પમાં કુલ ૪૯ રક્તદાતાઓએ ૧૭,૧૫૦ સી.સી. રક્ત એકત્રિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.રક્તદાતાઓના આ સેવાભાવી યોગદાનથી જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ સહયોગ મળ્યો છે. આ પ્રસંગે "રક્તદાન મહાદાન"નો સંદેશ આપવામાં આવ્યો હતો. એક યુનિટ રક્ત જરૂરિયાતમંદ દર્દી માટે જીવનદાયી બની શકે છે ત્યારે સ્વૈચ્છિક રક્તદાન માનવસેવાનું ઉમદા માધ્યમ છે.જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના નાગરિકોને પણ સ્વૈચ્છિક રક્તદાન માટે આગળ આવી "સેવા મેરા યોગદાન" અભિયાનમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

ભવાનદગડમાં ભાઈઓ વચ્ચે બોલાચાલી બાદ કુહાડીથી હુમલો, ૨૮ વર્ષીય યુવકનું મોત.

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ભવાનદગડ ગામે ભાઈઓ વચ્ચે થયેલી બોલાચાલી બાદ એક યુવક પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યાની ઘટના સામે આવી છે. ઘટનામાં ગજેન્દ્રભાઈ રામચંદ્રભાઈ પવાર (ઉંમર ૨૮)નું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.ફરિયાદ મુજબ, ગજેન્દ્રભાઈ કોઈ કામધંધો કરતા ન હતા અને ઘરે રહેતા હતા, જ્યારે તેમના નાના ભાઈ રણજીતભાઈ રામચંદ્રભાઈ પવાર (ઉંમર ૨૬) મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તા. ૬ ઓક્ટોબરના રોજ સાંજના સમયે રણજીતભાઈ મજૂરી કામેથી ઘરે પરત આવ્યા બાદ ગજેન્દ્રભાઈને કામધંધો કરવા અંગે સમજાવતા બંને ભાઈઓ વચ્ચે બોલાચાલી થઈ હતી.આ દરમિયાન રણજીતભાઈ ગુસ્સે થઈ ઘરમાં પડેલી વાંસના દંડાવાળી કુહાડી લઈ ગજેન્દ્રભાઈ પર હુમલો કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

સેવાસેતુમાં ૧૫થી વધુ વિભાગોના સ્ટોલ ઊભા કરાયા

હિંમતનગર પાલિકાના સેવાસેતુનો ૧૦૫૦ લાભાર્થીઓએ લાભ લીધો



હિંમતનગર નગરપાલિકામાં સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ ધારાસભ્ય વી.ડી. ઝાલા દ્વારા કરાયો હતો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ અરુણાબેન કડિયા, ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ તેમજ વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જનતાને સરકારી સેવાઓનો લાભ એક જ સ્થળેથી સરળતાથી મળી રહે તે હેતુથી કાર્યક્રમમાં ૧૫થી વધુ વિભાગોના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા.આ સ્ટોલ્સ પરથી અરજદારોને આવકનો દાખલો, આયુષમાન કાર્ડ, જાતિનો દાખલો, સોલાર યોજના, ફિટનેસ સર્ટિફિકેટ અને આરોગ્ય તપાસ જેવી વિવિધ સરકારી સેવાઓનો સ્થળ પર જ લાભ આપવામાં આવ્યો હતો.નગરપાલિકા દ્વારા યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં ?૧૦૫૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ અગાઉ ૧૭ સપ્ટેમ્બરે ડો. નલીનકાંત ગાંધી ટાઉનહોલ ખાતે પણ સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૫૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

બે ખેતરોમાં કપાસની આડમાં વાવેલા ૩૧૬ લીલા છોડ જપ્ત :કોટડાના ખાદરાફળોમાંથી ૧.૨૫ કરોડનું ગાંજાનું વાવેતર પકડાયું

પોશીનાના કોટડા ગામના ખાદરા ફળો વિસ્તારમાં ખેરોજ પોલીસે બાતમીના આધારે સપાટો બોલાવીને કપાસના વાવેતરની આડમાં ચાલતા ગાંજાના વાવેતરનો પર્દાફાશ કરી બે ખેતરોમાંથી ૨૫૦.૩૬૦ કિલો વજનના કુલ ૩૧૬ લીલા છોડ જપ્ત કર્યા છે.જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કુલ કિંમત રૂ. ૧,૨૫,૧૮,૦૦૦ આંકવામાં આવી રહી છે. પોલીસે ગાંજાના જથ્થા સાથે એક શખ્સની અટકાયત કરી હતી.નોંધનીય છે કે પોશીનાના આંજણીની જેમ કોટડાના ખાદરાફળોમાં પણ બે કુટુંબી ભાઈઓએ બે ખેતરોમાં કપાસની આડમાં ગાંજાનું વાવેતર કર્યું હોવાનું ખૂલ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખેરોજ પીઆઈ ઈન્સ્પેક્ટર કે.બી. ખાંટ અને તેમની ટીમને બાતમી મળી હતી કે કોટડાના ખાદરા ફળોમાં રહેતા જીવાભાઈ સાંજાભાઈ ગમારે પોતાના કપાસના વાવેતરવાળા ખેતરમાં તેમજ તેની આસપાસના વિસ્તારમાં ગાંજાનું વાવેતર કર્યું છે.આ બાતમીને પગલે પોલીસે ગેઝેટેડ ઓફિસર અને એફએસએલ અધિકારીની હાજરી તેમજ પંચોની ઉપસ્થિતિમાં રેડ કરી હતી. તપાસ દરમિયાન જીવાભાઈ ગમારના ખેતરમાંથી કપાસની આડમાંથી ૩ થી ૮ ફૂટ ઊંચાઈના ગાંજાના ૧૧૫ લીલા છોડ મળ્યા હતા. જેનું કુલ વજન ૧૩૨.૭૮૦ કિલો થયું હતું. આ ગાંજાના જથ્થાની આંતરરાષ્ટ્રીય બજાર કિં.રૂ.૬૬.૩૯ લાખ ગણવામાં આવી રહી છે.

ત્યારબાદ વધુ તપાસ કરતાં જીવાભાઈના ખેતરથી પશ્ચિમ દિશામાં આશરે ૧૦૦ મીટર દૂર તેમના કુટુંબી ભાઈ ભુરાભાઈ હોમાભાઈ ગમારના માલિકીના ખેતરમાં પણ સમાન રીતે કપાસની આડમાં ગાંજાનું વાવેતર કરાયું હોવાનું સામે આવ્યું હતું. ત્યાં તપાસ હાથ ધરતાં વધુ ૨૦૧ છોડ મળ્યા હતા.જેનું કુલ વજન ૧૧૭.૫૮૦ કિલો થવા પામ્યું હતું. આ છોડની બજાર કિંમત રૂ. ૫૮.૭૯ લાખ આંકવામાં આવી છે. જોકે દરોડા દરમિયાન આરોપી ભુરાભાઈ હોમાભાઈ ગમાર પોતાના ઘરે કે ખેતરમાં હાજર ન મળ્યો હતો.પોલીસે બંને ખેતરોમાંથી કુલ ૩૧૬ લીલા છોડ, કુલ વજન ૨૫૦.૩૬૦ કિલોગ્રામ,કુલ રૂ.૧,૨૫,૧૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. વોન્ટેડ આરોપી ભુરાભાઈ ગમાર અને જીવાભાઈ ગમાર વિરુદ્ધ દ્રઢૅજી એક્ટની કલમ ૮ ૨૦(છ)(૧), ૨૦(ખ)(૨-ઝ) હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી



છે.પોશીનાના કાલીકાંકરથી રાજસ્થાન બોર્ડર માત્ર ૨ કિમી અને કોટડા ગઢી માત્ર ૫૦૦ મીટર દૂર.આંજણી ગામ અને રાજસ્થાન વચ્ચે માત્ર સેઈ નદીનું અંતર, તસ્કરો માટે સુગમ રસ્તો.કાલીકાંકરથી કોટડાગઢી વચ્ચેના ૩૫ કિમીના વિસ્તારમાં નશાનું નેટવર્ક. છેલ્લા ૪ દિવસમાં કાલીકાંકર, આંજણી, કોટડાગઢીમાંથી ગાંજાનું વાવેતર પકડાયું છે.

ખેતરમાંથી લીલા છોડ કાપ્યા બાદ તેને સીધા વેચવામાં નથી આવતા.? ગુપ્ત જગ્યાએ, અંધારામાં કે છાંયડે સૂકવાય છે.?સૂકવ્યા પછી તેના પાંદડા, ફૂલો અને ડાળીઓને અલગ કરાય છે.?? સૂકાઈ ગયેલા ગાંજાને પાવડર કે જથ્થાબંધ સ્વરૂપમાં ફેરવીને ?પ્લાસ્ટિકની થેલીઓ કે વેક્યૂમ પેકિંગમાં પેક કરાય છે. જેથી તેની દુર્ગંધ? બહાર ન આવે અને ભેજથી બચી શકાય.?પેકિંગ કર્યા બાદ તેને નાના પેડલર્સ (ચિલ્લર વેચાણકારો) મારફતે? સ્થાનિક યુવાનો, પબ, હોટલ કે નાના વેપારીઓ સુધી પહોંચાડે છે.?

પોલીસ તપાસથી બચવા સીમિત માત્રામાં શાકભાજીની ગાડીઓ,? દૂધના ટેન્કરો, બાંધકામની સામગ્રી ભરેલી ટ્રકો અથવા કપાસની? ગાંસડીઓની નીચે છૂપાવીને ટ્રાન્સપોર્ટ કરાય છે.?

પોશીના પંથકમાંથી સાબરકાંઠા એલસીબી, એસઓજી, ખેરોજ પોલીસ અને પોશીના પોલીસે ૩૦ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર ૪ દિવસમાં ૫.૩૫ કરોડનું ગાંજાનો વાવેતર ઝડપી પાડ્યું છે. ૩૦ સપ્ટેમ્બરે એલસીબીએ કોટડાગઢીના મગરાફળોમાંથી ૧.૭૨ કરોડનું ગાંજાનું વાવેતર, ૨જી ઓક્ટોબરે એસઓજીએ પોશીનાના આંજણી ગામના જલેરા ફળિયામાંથી ૨,૦૦,૮૬,૫૦૦નું ગાંજાનું વાવેતર તથા પોશીના પોલીસે કાલીકાકંરના રો-પાડોળા ફળો વિસ્તારમાંથી ત્રણ ખેતરમાંથી કુલ ૩૬,૮૩,૪૦૦નું ગાંજાનું વાવેતર અને ૩ ઓક્ટોબરે ખેરોજ પોલીસે ૧,૨૫,૧૮,૦૦૦નું ગાંજાનું વાવેતર પકડાયું છે.

બહુચરાજી મંદિરના રિનોવેશનમાં ખંડિત પથ્થરોનો વપરાશ:કામગીરીમાં અનિયમિતતા સામે આવતા તંત્ર દોડતું થયું, ભક્તોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે ગ્રીન નેટ લગાવાઈ


પ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજી મંદિરના નવીનીકરણ અને નવનિર્માણ કાર્યમાં ગંભીર અનિયમિતતાઓ સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. મંદિરમાં બની રહેલા નવા બાંધકામમાં સ્તંભો અને અન્ય જગ્યાઓએ કોતરણી વાળા ખંડિત પથ્થરોનો ઉપયોગ થઈ રહ્યો હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. એટલું જ નહીં, ખંડિત કોતરણીઓ લગાવી દીધા બાદ તેને રીપેર કરીને એવી રીતે ફિનિશિંગ આપવામાં આવતું હતું. નવીન કામકાજમાં આવી રીતે કરવામાં આવતી વેઠ અને ભક્તોની આસ્થા સાથે થઈ રહેલા ચેડાંને લઈને સ્થાનિકો તથા શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

આ બાબત સામે આવતા જ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, પીએમસી (ઁસ્ઝ) અને એન્જિનિયરોની ટીમે તાકીદે બહુચરાજી મંદિર પરિસરની મુલાકાત લીધી હતી. સ્થળ તપાસ બાદ સંબંધિત કોન્ટ્રાક્ટરને કામગીરીની ગુણવત્તા બાબતે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.બીજી તરફ, આગામી



દિવસોમાં આવી રહેલા નવરાત્રી અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન માં બહુચરના દર્શનાર્થે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોય છે. મંદિરનું નવનિર્માણ કાર્ય ચાલુ હોવાથી પરિસરમાં પથ્થરોની કટિંગ અને કોતરણી દરમિયાન મોટા પ્રમાણમાં ડસ્ટ (ધૂળ) ઊડતી હોય છે, જેનાથી ભક્તોના સ્વાસ્થ્ય પર માઠી અસર પડી શકે તેમ હતી.યાત્રાધામ વિકાસ બોર્ડના નાયબ ઈજનેરની સૂચનાને પગલે, ભક્તોના સ્વાસ્થ્યની ચિંતા કરીને મંદિર પરિસરની ફરતે ગ્રીન નેટ (લીલી જાળી) લગાવી દેવામાં આવી છે. આ ગ્રીન નેટના કારણે નિર્માણ કાર્ય દરમિયાન ઊડતી પથ્થરોની ધૂળ મંદિર પરિસરમાં ફેલાતી અટકશે.આ અંગે માહિતી આપતા બહુચરાજી મંદિરના વહીવટદાર અશોકભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, નવરાત્રી અને દિવાળીના પર્વો નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. હાલ મંદિરમાં ૫૦૦ કિલોથી લઈને ૫૦૦૦ કિલો સુધીના ભારે પથ્થરોનું વહન ક્રેન દ્વારા કરવામાં આવી રહ્યું છે અને સાથે જ વિવિધ કોતરણીકામ પણ ચાલી રહ્યું છે. આથી શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને યાત્રાધામ વિકાસ બોર્ડના ડેપ્યુટી એન્જિનિયરની સૂચના મુજબ એજન્સી દ્વારા ગ્રીન નેટ લગાડવામાં આવી છે. સાથોસાથ ભક્તોની સલામતી માટે મંદિર પરિસરમાં વિવિધ જગ્યાએ સુરક્ષાના સાઇનેજ પણ બોર્ડ દ્વારા લગાવવામાં આવ્યા છે.જોકે મંદિરમાં તૂટેલા પથ્થર નો ઉપયોગ કરવામાં આવતો હોવાના ફોટા વિડિઓ વાઇરલ થયા બાદ તંત્ર એ અચાનક ગ્રીન નેટ બાંધી દેતા લોકો માં પણ એક ચર્ચા નો વિષય ઉઠ્યો છે.જેમ કે મંદિર નું નવીનીકરણ નું કામ કાજ છ મહિના થી ચાલી રહ્યું છે.તો હવે તંત્ર ને યાદ આવ્યું કે કામગીરી દરમિયાન ભક્તોની આંખોમાં ધૂળ અને માટી ઉડી રહી છે

ન્યૂઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ



N0G SS 205
વિષયઃખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષકઃરાજતીલક
પ્રકારઃપદ્ય શબ્દોઃ૨૦૦

ગાદી સિહાસન ને રાજતિલક
આ અમારા ક્ષત્રિય ધર્મ ની શાન છે

જેના લોહી મા વહે છે સરવાણી એવુ અમારૂ અમર બલીદાન છે

મોહ નથી કદી ભોગ વિલાસ નો
નહી રજવાડા ની આશ

ડેલી એ કંસુબલ ડાયરો
ઘુટાતો સંતોષ નો રંગ

કેસરીયા કંસુબલ ની ચુસકી ને
ડાયરે જામે ઊમંગ

કવિ પથીક કહે આ ભોમકા કાજે આજે અમે શીશ સમૅણપણ કરી એ

રાજપુતાણી ના દુધ ગૌરવ
જરા પણ ઓછુ ન કરી એ

રચિયત કવિ પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ
★★★★★★★
NOGSS NO:226
વિષયઃ-ખાલી ખુરસી અને ભરેલી યાદો
શીર્ષક :-બધુંજ ખાલી..!!!
રચનાઃ પદ્ય શબ્દોઃ-૬૦
?છે મેજ ખાલી ને છે ખુરશી ખલી,
ને લાગતી બધી છે જગ્યા ખાલી!

ન ચાનો કપ ને છે કીટલી ખાલી,
ન લાગતી જગ્યા, સોડમે ખાલી!

ન શ્વાસની સરગમ, લાગે ખાલી,
હવા જ જાણે ગળી, જાણે ખાલી!

ન પગરવની આહટ, રવે ખાલી,
કંગનાની ખન ખનો, પણ ખાલી!

ન પડછાયે દિસતો, સાવ ખાલી,
કેટલીયે યાદ તાજી, રહી ખાલી!
સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)શ્ર?
★★★★★★★
NOGSS NO : 161
વિષય : ખાલી ખૂરશી અને ભરેલી યાદો
શીર્ષક : સ્મરણાંજલિ
પ્રકાર : અછાંદસ કાવ્ય
શબ્દો : ૧૧૫

સાથ છોડીને ગયાં, સંગાથ છોડીને ગયાં
જે હાથમાં હાથ હતો એ હાથ છોડીને ગયાં,
યાદોની વણઝારને બસ, ખૂરશીમાં મૂકીને ગયાં,
શ્વાસના સમુંદરમા માત્ર ભાસ બનીને રહી ગયાં.

પળેપળ સંગે ચાલ્યા પણ રાહ અચાનક બદલાઈ ગયાં.
અજવાળાં થયાં ના થયાં ને અંધારે અટવાઈ ગયાં,
ખોવાયું છે જીવતર ને ભવરણે ભટકાઈ ગયાં.
નિશ્વાસ તણા આ સાગરમાં બસ ભાસ બનીને રહી ગયાં.

શ્વાસ લેવાના મિથ્યા ફાંફાં, જીંદગી છે તો જીવી ગયા,
જીવનમરણના આ ચક્કરમા જીવ-શિવ એક થઈ ગયાં,
એકાંતે અનરાધાર ટપકે ને નયને વાદળ બંધાઈ ગયાં,
સ્મરણની એ વેળાએ પણ બસ ભાસ બનીને વહી ગયાં.

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)
★★★★★★★
NOG SS NO 167
વિષયઃ"ખાલી ખુરશી ભરેલી યાદો"
શિર્ષકઃ"યાદો ભરી વ્યથા"
પ્રકારઃગદ્ય શબ્દોઃ૧૩૮

આજે ઓફિસનો બધોજ સ્ટાફ હાજર હતો. એક નયન સિવાય. હા, નયનની ખુરશી હતી. ટેબલ હતું અરે! કોમ્પ્યુટર પણ ટેબલ ઉપર હતું, પણ નયન ગેરહાજર હતો. હવે એ ક્યારેય ઓફીસે આવવાનો નહોતો. આ વાતની બધાંજને ખબર હતી....છતાં પણ નયનની ખુરશી ખાલી રાખવામાં આવી હતી.

નયન ઓફિસમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર હતો. યુવાન, ઉત્સાહી અને કાર્યદક્ષ હતો. પોતે આસિસ્ટન્ટ જનરલ મેનેજર હોવા છતાં કોઈને પોતાના હોદ્દાનો અહેસાસ થાય તેવું વર્તન કયારેય નહોતું કર્યું.

ફક્ત બે દિવસના તાવમાં નયન આ દુનિયા છોડીને સ્વ થઈ ગયો હતો પણ સ્ટાફનું મન માનવા તૈયાર નહોતું કે નયન આપણી વચ્ચે નથી. બધાંને નયનની ખુરશી ખાલી નહોતી લાગતી પોતાની વચ્ચે હોવાનો અહેસાસ થતો હતો એટલે તો ખુરશી ખાલી હોવા છતાં ખુરશી ખાલી નહોતી લાગતી.નયનની ખાલી ખુરશીમાં પણ નયનની યાદો ભરેલી હતી.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)
★★★★★★★
NOG.SS No: 194
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક : પ્રિય દાદીને.
પ્રકારઃપદ્ય,શબ્દઃ૧૦૮

"વૈકુંઠ સમાન આ પૂજા ખૂણે, પ્રભુની તસવીર આજેય બોલે,
ચાલી ગયા અમને છોડીને , પણ સુગંધ આજેય અંતરમાં ડોલે.

વર્ષો વીત્યા ચૌદ પાકાં, ભક્તિભાવ હતો તમારો
સાત્વિકને સાચો,
પાટલે બેસી તમે કરતા પૂજા , એ સ્મરતા અનુભવાય ખાલીપો.

દિવાળી ટાણે અગિયારસનો એ દિવસ, તમે પ્રભુચરણમાં જઈ સમાયા
,
તમારી પ્રેમાળતાથી છેક છેલ્લી પેઢીના હૈયે તમે છો સચવાયા.

'બાબો આવી ગયો ને?' બહેનનોએ સાદ આત્મામાં આજેય ગુંજે,
ખાલી આ ખુરશી ભરેલી છે યાદોથી, દિલ તમને સ્મરે.

બહ્માકારથી તમે છો દૂર, પણ સંસ્કારોનું સિંચન
કર્યુંછે ભરપૂર,
સદાય પહેરતા શ્વેત વસ્ત્રોને શિસ્તપૂર્ણ જીવનસાથે ભજનને સત્સંગ પ્રચુર.

સરખાવે જ્યારે 'ખ્યાતિ'ને લોકો તમારી સાથે ત્યારે ખુશી અનુભવાય.
પ્રિય દાદી ! તમારા વગર, આ હૈયું મારું બહુ અકળાય."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.
★★★★★★★
NOG SS NO 173.
વિષય -' ખાલી ખુરશી અને ભરેલી યાદો'
પ્રકાર-ગદ્ય શબ્દોઃ૩૩૫
શીર્ષક -'?નિઃશબ્દ સંબંધોનું સરનામું'

?ખાલી ખુરશી દ્રશ્યમાન શૂન્યાવકાશ હોવા ઉપરાંત, તે પ્રિયજનની ગેરહાજરીનું અનિવાર્ય અને મૂંગું સ્મારક છે; જ્યાં શબ્દોની સીમાઓ સમાપ્ત થઈ જવાં છતાં સમગ્ર જીવનની પટકથા જીવંત થઈ જાય છે. ઘરનાં કોઈ નિર્જન ખૂણે રાખેલી આ ખાલી ખુરશી ક્યારેક આખા ઘરની ચહલપહલ કે વાતો કરતાંય અધિક મૂલ્યવાન સંવાદ રચતી હોય છે. હવે ભલે એ ખુરશી કોઈની પ્રતીક્ષા કરતી નથી હોતી, છતાં આપણી નજર અનાયાસે ત્યાં અટકી જાય છે; કારણ કે મનને આજે પણ અચેતન સ્તરે એ ભ્રમ હોય છે કે હમણાં જ કોઈ પદાર્પણ કરશે અને એ જ પરિચિત સ્વર ગુંજી ઉઠશે.
?ભલે એ આસન ખાલી હોય, પરંતુ એની આસપાસની ક્ષિતિજ આજે પણ વીતેલા સમયની સુગંધ અને અમીટ સ્મૃતિઓથી પરિપૂર્ણ છે. ક્યારેક ત્યાં વિરાજમાન રહેલી વ્યક્તિનાં સંસ્મરણો જાગે છે, તો ક્યારેક એનાં હાસ્યની લહેરો અને જીવનની ફિલસૂફી હૃદયને ભીંજવી જાય છે. આ ક્ષણે પ્રતીતિ થાય છે કે સાચાં સંબંધો માત્ર દેહનાં હોવા માત્રથી સીમિત નથી હોતા; એ તો માણસની વિદાય પછી પણ એની વસ્તુઓમાં અને પ્રિય સ્થળોમાં પોતાની અવિસ્મરણીય છાપ છોડી જતાં હોય છે. ?માણસ નજરોથી ઓઝલ થઈ જાય છે, પરંતુ એની સાથે જોડાયેલી ક્ષુલ્લક લાગતી વસ્તુઓ પણ આપણને સતત એનાં સાનિધ્યમાં ખેંચી જાય છે. એક ખાલી ખુરશી, અર્ધપીધેલ ચાનો પ્યાલો, વાચન અધૂરું મૂકેલું પુસ્તક, ટેબલ પર મૂકેલાં ચશ્માં કે ઘરનો કોઈ ખૂણો,આ બધું જ અતીતનાં દ્વાર ખોલતાં પ્રતીક છે. સત્ય તો એ છે કે 'રિક્ત' દેખાતી એ ખુરશી ક્યારેય ખાલી હોતી નથી. ત્યાં તો કોઈકનો આત્મીય સ્પર્શ, સંબંધોની ઉષ્મા અને અતીતનાં અનકહ્યા સંવાદો અડગ બેઠા હોય છે.
?જીવનનું પરમ સત્ય એ છે કે જે પાત્રો આપણાં જીવનમાં અમીટ હસ્તાક્ષર મૂકી જાય છે, તેઓ ક્યારેય કાળનાં પ્રવાહમાં સંપૂર્ણપણે વિદાય નથી લેતા. તેઓ માત્ર નજરોથી દૂર થાય છે, જેથી હૃદયનાં વધુ ગાઢ ઊંડાણમાં ઉતરી શકે. ખાલી ખુરશી માત્ર ખાલીપો ન રહેતા, એની ભીતરમાં ધબકતી યાદોનો ગ્રંથ બની જાય છે. કેટલીક ખુરશીઓ પર કેવળ માનવદેહ નથી બેસતા; ત્યાં તો સંબંધો વિરાજે છે અને સ્મૃતિઓ તપ કરે છે. પ્રેમની સર્વોચ્ચ ઓળખ એ જ છે કે હાજરીમાં સાથ તો સૌ કોઈ આપે છે, પણ ગેરહાજરીમાં પણ સતત અનુભવાતી એની પરમ ઉપસ્થિતિ જ સાચા પ્રેમની પ્રતીતિ કરાવે છે.

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'.અમદાવાદ.
★★★★★★★
NOGSS NO: 345
વિષયઃ ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષકઃ માઁ ની ખુરશી
પ્રકારઃગદ્યઃશબ્દોઃ૨૦૫

ખુરશી અને ભરેલી યાદો.
માઁ હંમેશા ખુરશી પર બેસતા. એમના ગયા પછી ખુરશી સાવ ખાલી અને ઉદાસ ભરી લાગે છે. અમારી સૌની નજર એ ખાલી ખુરશીમાં માઁ ને શોધતી હોય છે.

મા હંમેશા પેલા ખૂણાવાળી ખુરશી પર જ બેસતા.

રસોડાની બારીએથી બધું દેખાય એવી રીતે. ક્યારેક શાક સમારતા સમારતા અમારી સામે જોયા કરતા. એ ખુરશી એમની દુનિયા હતી.

આજે એ ખુરશી ત્યાં જ છે. એવીને એવી. પણ સાવ ખાલી. સાવ ઉદાસ.

ઘરમાં અવાજ છે, વાસણ ખખડે છે, ટીવી ચાલુ છે, પણ એ ખુરશી સામે નજર જાય એટલે બધું શાંત થઈ જાય છે. લાગે છે જાણે ઘરનો એક ખૂણો સુન થઈ ગયો.

અમે બધા નીકળીએ છીએ, જઈએ છીએ, પણ આંખો અજાણતા જ એ ખાલી ખુરશી તરફ ખેંચાઈ જાય છે. અને ત્યાં અમને મા દેખાય છે. એમનું બેસવું, એમનું હસવું, એમનું "બેટા, ચા પીધી?" કહેવું.

મા ગયા, પણ એમની ખુરશી અમને ક્યારેય યાદ ભૂલવા દેતી નથી. એ ખાલી ખુરશી જ આજે અમારા આખા ઘરને માની
આભાર - નિહારીકા રવિયા યાદોથી ભરેલું રાખે છે. આજે પણ માઁ ની ખુરશી એજ રીતે સચવાયને એજ જગ્યા પર હોય છે. વળી, ખુરશી પર માઁ નું નામ પણ લખી દીધું છે. મિસ યું માઁ!
હંસા ઝાલા "લાગણી"(સુરત)

ઘૂમતા રાસે, નવલે નોરતે, મલકે ઉમળકો આજ ચાંચર ચોકે, ધબૂકતે ઢોલે, ખીલી છે માઝમ રાત...

તૈયાર થઈ જાવ.....
ચણીયા-ચોળી, કેડિયું-ચોરણી, પટિયાલા-કોટી, કુર્તા પાયજામાં જેવા પારંપારિક વસ્ત્રોની વેશભૂષા સજીને
નવરાત્રી ના પહેલે નોરતે
તારીખ ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ રવિવારની સાંજે.....

શ્રી ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય મંડળ, મુંબઈ તેમજ આપણી જ્ઞાતિના મહિલા મંડળ દ્વારા આયોજિત નવરાત્રીમાં.....
વ્હાલુંડા ભૂલકાઓ થી માંડીને થનગનતા યુવાનો તેમજ સમૃધ્ધિ સમા વડીલો સુધીના દરેક વયજૂથના ખેલૈયાઓ માટે ઈનામોની વણઝાર...
શક્તિના સાક્ષાત સ્વરૂપ સમી (દરેક ઘર દીઠ) બહેનો માટે મંડળ તરફથી અવિસ્મરણીય લ્હાણી...
સ્થળઃ રાષ્ટ્રીય શાળા, છઝ ઉઁટ્ટઙ્ઘઙ્ઘ, ઘાટકોપર ઈસ્ટ.
સમય સાંજે ૬ વાગ્યાથી...

ગરબાની સાથે સ્વાદની ઉજાણીઃ ભેળપૂરી, પાણીપુરી સેવપુરી, દહીંબટેટાપુરી અને આઇસક્રીમની બાઈટ્સ.
આપના ાગમનની પ્રતિક્ષા રહેશે.

અજય આચાર્ય, પ્રમુખ.
શ્રી ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય મંડળ, મુંબઈ.
સર્વ જ્ઞાતિજનો નમ્ર વિનંતી કે જેમણે પોતાનો ફાળો નોંધાવવો હોય તેઓ સમાજના બેંક એકાઉન્ટ માં સ્વેછાએ નોંધાવી શકે છે. Details :
Shree Zalawad Sattar Taluka Audichya Mandal, Mumbai.
BHARAT BANK, Kandivali West Branch,
S.B. A/C. NO: 001510100036977
IFSC : BCBM0000016



રાજસ્થાન સેવા સમિતિ અમદાવાદનો ૬૬મો સ્થાપના દિવસ ઉજવણી ખૂબ જ ધામધૂમથી સંપન્ન

સંઘવી વંશરાજજી ભણસાલી અને બાબુલાલજી શેખાણીને ઉત્કૃષ્ટ સેવા બદલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત

અમદાવાદઃ શહેરની અગ્રણી સંસ્થા, રાજસ્થાન સેવા સમિતિનો ૬૬મો સ્થાપના દિવસ ઉજવણી સોમવારે (૫.૧૦.૨૬) ખૂબ જ આનંદ અને ગૌરવ વચ્ચે સંપન્ન થયો. કાર્યક્રમ સવારે ૯:૩૦ વાગ્યે મુખ્ય મહેમાનોની હાજરીમાં શરૂ થયો.મુકેશ આર. ચોપડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કેકાર્યક્રમની શરૂઆતમાં, સંસ્થાના અધ્યક્ષ શ્રી ગણપતરાજજી ચૌધરીએ ઉપસ્થિત તમામ મહેમાનો અને મહાનુભાવોનું સ્વાગત કર્યું. તેમણે રાજસ્થાન સેવા સમિતિ દ્વારા સંચાલિત રાજસ્થાન સ્કૂલમાં ચાલી રહેલા વિકાસ અને શાળાના નવીનીકરણ કાર્ય વિશે વિગતવાર માહિતી રજૂ કરી. તેમણે શાળામાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટે ઉપલબ્ધ સુવિધાઓ વિશે પણ માહિતી આપી અને વિકાસ કાર્યમાં યોગદાન આપનારા તમામ સમુદાયના સભ્યોનો આભાર માન્યો. ત્યારબાદ, સ્થાપના દિવસ નિમિત્તે ×રાજસ્થાન સેવા સમિતિ કા જહાં હુઆ સૃજન× નામનું ખાસ ગીત રજૂ કરવામાં આવ્યું. પૂર્વ-પ્રાથમિક વર્ગના લગભગ ૪૦ બાળકોએ ભગવાન મહાવીરના ચોદહ સપના પર આધારિત ×જનમે હૈ પરમ દયાળુ તીન લોક કે નાથ ખુશી કી હૈ બાત× ગીતની સુંદર રજૂઆતથી શ્રોતાઓના દિલ જીતી લીધા. સમારોહ દરમિયાન, સમિતિએ સંઘવી શ્રી વંશરાજજી ભણસાલી અને ટ્રસ્ટી શ્રી બાબુલાલજી શેખાણીને તેમની નિઃસ્વાર્થ સેવા, ઉદારતા અને સમાજ અને સંગઠનમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા. ચેરમેન ગણપતરાજ ચૌધરીએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે બંને સન્માનિત વ્યક્તિઓ બહુપક્ષીય પ્રતિભા ધરાવે છે અને તેમનું સમગ્ર જીવન, મન અને ધન વિવિધ સંસ્થાઓને સમર્પિત કરે છે. તેઓ જીવનમાં સારા કાર્યો કરવામાં ક્યારેય થાકતા નથી અને તેઓ જે પણ કાર્ય હાથ ધરે છે તેને અસરકારક રીતે પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કાર્યક્રમ દરમિયાન, નવી બનેલી લિફ્ટ અને બાયોલેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લિફ્ટના દાતાઓ શ્રી ઓમપ્રકાશ અને તનસુખરાજજી શ્રીશ્રીમાલ (સિટીઝન સોલર લિમિટેડ) હતા, અને બાયોલેબના દાતા શ્રી ભૂપતરાજજી કાંટેડ હતા, જેમનું પણ સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

નિવૃત્ત શિક્ષકો, શ્રી તાલુકદારજી સિંહ ચંદેલ (જ્ઞાનોદય અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા)



અને શ્રીમતી શાંતિ શર્મા (રાજસ્થાન હિન્દી હાઇ સ્કૂલ) ને શિક્ષણમાં તેમના અજોડ યોગદાન બદલ ×જ્ઞાન સેવા સન્માન પુરસ્કાર× થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વિવિધ વિભાગોના ઉત્કૃષ્ટ શિક્ષકોને ×વર્ષના શ્રેષ્ઠ શિક્ષક× એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. સંસ્થાના સચિવ, શ્રી દીપચંદ બાફનાને પણ તેમની સેવા બદલ પ્રશંસા કરવામાં આવી હતી, અને શાળાના આચાર્ય, શિક્ષકો અને સમગ્ર મેનેજમેન્ટને પણ ઉત્તમ શિક્ષણ આપવા બદલ અભિનંદન અને પ્રશંસા કરવામાં આવી હતી.ગઢ સિવાના નિવાસી સંઘવી વંશરાજજી ભણસાલી, જેમને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા, તેમણે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે સંસ્થાનું સેવા કાર્ય ખૂબ જ સારું પ્રયાસ છે. આ શાળા સાથે લગભગ ૫૦ વર્ષથી સંકળાયેલા હોવાથી, મેં ઘણું શીખ્યું છે, અને સંસ્થા વાજબી ફી પર ઉત્તમ શિક્ષણ પૂરું પાડે છે. તેમણે દરેકને શિક્ષણ ક્ષેત્રે આર્થિક યોગદાન આપવા માટે પ્રોત્સાહિત પણ કર્યા અને આ સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો.બાબુલાલજી શેખાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે તેઓ પોતે રાજસ્થાન શાળામાં ભણ્યા છે, અને તેમના પરિવારના સભ્યોએ પણ જ્ઞાનના આ મંદિરમાં શિક્ષણ મેળવ્યું છે.

તેઓ ૪૧ વર્ષથી સંસ્થા સાથે જોડાયેલા છે અને તેમને સેવા કરવાની તક મળી છે, જે તેમના જીવનની એક અમૂલ્ય સંપત્તિ છે. સંસ્થાનું પ્રાથમિક ધ્યાન બાળકોનો સર્વાંગી વિકાસ છે. શાળાનું સંચાલન આ ધ્યેય સાથે કાર્ય કરે છે.આ ઈમારતનું સુંદર રીતે નવીનીકરણ કરવામાં આવ્યું છે, જે બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આરામદાયક વાતાવરણ પૂરું પાડે છે.

માધાપર કરાઓકે ગીત સંગીત સંગઠન " ગાતા રહે મેરા દિલ ’ વડે અબોલા જીવો માટે તા ૪-૧૦-૨૦૨૬ યોજયો ભવ્ય પ્રોગ્રામ



રવિવારે સાંજે માધાપર નાં કરાઓકે ગીત સંગીત સંગઠન વડે ૨૭ જેટલા કલાકારો ને લઈને ૫૦ જેટલા સુમધુર કંઠે ગીતો રજુ કરવામાં આવ્યાં હતાં આ કાર્યક્રમમાં ભુજનાં મહાદાની રાજવી શ્રી જોરાવરસિંહજી રાઠોડ, પીઢ ધારાશાસ્ત્રીશ્રી શંકરભાઈ સચદે, સાહિત્યપ્રેમી ઉધોગપતિ શ્રી અજીતભાઈ માનસતા સાહેબ, શ્રી નવીનભાઈ આઈયા, શ્રી જટુભા રાઠોડ સાહેબ, શ્રી સમરંગ સંસ્થા ઝવેરીલાલ સોનેજી સાહેબ,શ્રી રસિકભાઈ મકવાણા સાહેબ અને શ્રી ભરતભાઈ પ્રજાપતિ, શ્રી પંકજભાઈ શ્રી દહિસરિયા, ભુપેન્દ્રભાઈ મહેતા, રાજેશભાઈ જોષી, પંકજભાઈ યાદવ અને અરવિંદભાઈ સિયાણી, પ્રદિપભાઈ ધીરવાણી, જીતુભાઈ સોની, કિરણભાઈ શાહ વડે આ અબોલા જીવોનાં કલ્યાણ માટે આર્થિક યોગદાન આપ્યું હતું.

આ સંગઠન છેલ્લા પાંચ વર્ષથી સતત નિત્ય ગાય, કુતરા,ખિસકોલી, માછલીઓ અને કીડીઓ અને પક્ષીઓ માટે ચણ જળ માટે માધાપર મધ્યે કાર્યરત છે,

આ કાર્યક્રમની શરૂઆત માં હંસીની દીપ પ્રાગટય શ્રી શંકરભાઈ સચદે, શ્રી ઝવેરીલાલ સોનેજી, રસિકભાઈ મકવાણા, ધર્મેન્દ્રભાઈ જેસર તેમજ કિરણભાઈ શાહ સાથે સંસ્થાનાં પ્રમુખ નીતિન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું , ત્યારબાદ આવેલા દાતાશ્રી પરોણાગત કરવામાં આવ્યું હતું ને પ્રાસંગિક પ્રવચન શ્રી શંકરભાઈ સચદે, અજીતભાઈ માનસતા, ઝવેરીલાલ સોનેજી તેમજ રસિકભાઈ મકવાણા વડે કરવામાં આવ્યું હતું,

આ જીવદયાપ્રેમી કલાકારો દ્વારા ખુબજ સુંદર ગાયકી સંગઠનનાં માધ્યમ વડે કરવામાં આવી હતી જેમાં અશોકભાઈ ધામેચા અશોકભાઈ મંગરિયા, કિરણભાઈ શાહ, પ્રદિપભાઈ ધીરવાણી, જીતુભાઈ સોની, હરેશભાઈ સોની, નીતિનભાઈ પાઠક, દોલતભાઈ તેજવાણી, હેમાબેન તેજવાણી, જયાબેન તેજવાણી, જગદીશભાઈ તેજવાણી,જુલીબેન સોની, જીજ્ઞાબેન સાકરીયા, હેમંત દોશી,સંજયભાઈ ભટ્ટ, રશ્મિન ઠક્કર, રાજેશભાઈ જોષી,તરૂણ સોની, ભુપેન્દ્રભાઈ મહેતા,દિપેન હંશોરા, હર્ષદભાઈ દોશી, જીજ્ઞાબેન ડાભી, મહેન્દ્રભાઈ ગજજર તેમજ પુજાબેન અયાચી,ભરત સોની, નીતિન પંડ્યા વડે ખુબ જ સુંદર લયબદ્ધ ગાયકી વડે સૌ નિમંત્રિત દાતાઓનો હરખીલો તાળીઓ નો પ્રતિસાદ મેળવ્યો હતો.

આ કાર્યક્રમનું આયોજન સાથે સંપુર્ણપણે સંચાલન સંગઠન પ્રમુખ નીતિન પંડ્યા સંભાળ્યું હતું. આ સંગીતનાં માધ્યમ વડે નાણાં બચાવી અબોલા જીવોનાં કલ્યાણ માટે નિત્ય આહાર મળે એવાં શુભકાર્ય ને સફળતા અપાવવા માટે સંગઠન કમિટીના પંકજભાઈ દહિસરિયા, મહેશભાઈ ચાવડા, કિરણભાઈ શાહ, પ્રદિપભાઈ ધીરવાણી, જીતુભાઈ સોની, રાજેશભાઈ જોશી અને ભરત સોની એ સહકાર આપ્યો હતો. આખો જ કાર્યક્રમ ભુજ સેવન સ્કાય નાં હોલમાં રાખવામાં આવ્યો હતો, આભાર વિધિ મહેશભાઈ ચાવડા વડે કરવામાં આવી હતી.



અમદાવાદ : નર્મદા નદીના કાંઠે આવેલો કબીર વડ જાણીતો છે. ત્યાર પછી કંથારપુરનો વડ ગાંધીનગર જીલ્લામાં પ્રવાસન પર્યાવરણ અને આસ્થાને જોડતો વિરાટ વડ છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલીસા ગામ પાસે આવેલાં કંથાપુર ગામ પાસે માર્ગ પર જ અંદાજે ૫૦૦ વર્ષ જુના મહાકાય વડ આવેલો છે. આ વડની નીચે માતા મહાકાળીનું મંદિર આવેલું છે. મહાકાળીનું મંદિર હોવાના કારણે આ પંથકના આસપાસના ગામના લોકો માટે આ શ્રધ્ધાનું સ્થળ છે. મંદિરના દર્શનાર્થીઓની સાથે અનેક પર્યાવરણ પ્રેમીઓ માટે એક અનોખું સ્થળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે આ જગ્યાને ધાર્મિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે નિર્ણય કર્યો હતો.

ઘણાં સમયથી આ વડને પ્રવસાન સ્થળ તરીકે વિકસાવવાનું જાહેર કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે લેન્ડ સ્કેપિંગ, ધ્યાન-યોગ માટેની જગ્યાઓ- એક્ઝિબિશન હોલ, પાથ-વે, ગેધરિંગ એરિયાની બનાવવા માટે સરકાર કટિબદ્ધ છે. કંથારપુરના માર્ગ પર જ ફેલાયેલો આ વડ ૪૦ મીટર ઊંચો અને ૨.૫ વિઘા જમીનમાં ફેલાયેલો છે. દર વર્ષે વડ ચારેબાજુ અંદાજે ત્રણ મીટર જેટલો ફેલાય છે. અંદાજે ૫૦૦ વર્ષ જુના આ વડને કારણે આ લીલાછમ પ્રદેશમાં પ્રવાસનને વેગ મળ્યો છે.

વિકસિત ભારત સંકલ્પ સભા અને સેવા જ્યોતિ યાત્રા-૨૦૨૬ અંતર્ગત અરવલ્લીમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લામાં “વિકસિત ભારત સંકલ્પ સભા અને સેવા જ્યોતિ યાત્રા-૨૦૨૬” અંતર્ગત ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માનનીય મંત્રીશ્રી તથા અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.કાર્યક્રમ દરમિયાન અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ઉપસ્થિત વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ લાભાર્થીઓને અભિનંદન પાઠવતાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સૌના સહયોગની અપીલ કરી હતી.

આ પ્રસંગે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી તથા માનનીય વડાપ્રધાનશ્રીનું વર્ચ્યુઅલ સંબોધન ઉપસ્થિત સૌએ નિહાળ્યું અને સાંભળ્યું હતું. તેમના સંબોધનથી ઉપસ્થિત નાગરિકો તથા કાર્યકરોમાં ઉત્સાહ અને નવી ઊર્જાનો સંચાર થયો હતો. સેવા જ્યોતિ યાત્રા દ્વારા સેવા, સંકલ્પ



અને રાષ્ટ્રનિર્માણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો ઉદ્દેશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.કાર્યક્રમના અંતે સભાસ્થળથી ઉમિયા મંદિર, મોડાસા સુધી મશાલ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મશાલ યાત્રામાં મોટી સંખ્યામાં યુવાનો, કાર્યકરો અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મશાલની જ્યોતિ દ્વારા સેવા, વિકાસ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને વધુ પ્રબળ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, જિલ્લા પોલીસ તંત્રના અધિકારીઓ, ધારાસભ્યો, નગરપાલિકા પ્રમુખશ્રી, સંગઠનના પ્રતિનિધિઓ, કાર્યકરો તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના માધ્યમથી વિકસિત ભારતના સંકલ્પ સાથે જનભાગીદારી અને સેવાભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.



ચંદુમાણા દૂધેશ્વર મિત્ર મંડળ દ્વારા સ્કૂલ બેન્ડ ના બાળકો ને અભ્યાસમાં ઉપયોગી થાય તેવી શૈક્ષણિક કીટ આપીને સન્માન કરવામાં આવ્યું.... પ્રમોદભાઈ બી વ્યાસ. નવીનભાઈ બી પટેલ. ચેતનભાઇ એસ દેસાઈ. નીતિનભાઈ વ્યાસ. ની વિશેષ ઉપસ્થિતિ હતી .પાટણ વાડા ઔદીચ્યસહસ્ત્ર બ્રહ્મ સમાજના જ્ઞાતિ રત્ન સ્વ .માણેકલાલ હરિશંકર વ્યાસ પરિવાર દ્વારા આંગણવાડી.. પ્રાથમિક શાળા ...તેમજ હાઈસ્કૂલના બાળકોને બુંદી અને ગાંઠીયા ના ફૂડ પેકેટ નો નાસ્તો આપવામાં આવ્યો હતો. તેમજ ભારત કો જ્ઞાનો પરીક્ષામાં પ્રથમ નંબર તેજલબા નવલસંગ રાજપૂત અને દ્વિતીય નંબર બીજલબા પોપટજી રાજકપૂત આ બંને દીકરીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા ...એ આઈ ના સદ ઉપયોગ વિશે જિલ્લા કક્ષાની ડ્રામા સ્પર્ધામાં તૃતીય નંબર મેળવવા બદલ પણ દીકરીઓને સન્માનિત કરવામાં આવી . તેમજ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચિત્રકાર કે.ડી.ધવલ ૧૧ દેશોમાં પોતાના ચિત્રો મોકલી ચૂક્યા છે એમનું પણ સન્માન કરવામાં આવ્યું .

આંતરરાષ્ટ્રીય ફલક ઉપર નવલી નવરાત્રિ અને ગરવી ગુજરાતનો વૈશ્વિક ગરબો! (સંત સુરા)

ગુજરાત એટલે ગરબો અને ગરબો એટલે ગુજરાત. આ સૂત્ર હવે માત્ર ગુજરાત પૂરતું સીમિત નથી રહ્યું. આજે ગુજરાતનો ગરબો આંતરરાષ્ટ્રીય ફલક ઉપર ગુંજી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રની સાંસ્કૃતિક સંસ્થા યુનેસ્કોએ ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસો (હંટ્ઠહઙ્મૈહ્વઙ્ઘી ઝેઙ્મૈંટ્ઠિઙ્ઘ ઉઁીંટ્ઠિષ્ઠી) તરીકે માન્યતા આપ્યા બાદ ગરબો વૈશ્વિક બન્યો છે. આ ગુજરાત માટે જ નહીં, સમગ્ર ભારત માટે ગૌરવની ક્ષણ છે. નવરાત્રિ એટલે નવલી નવરાત્રિ. નવ દિવસ સુધી શક્તિની આરાધના. માં અંબાજી, માં બહુચરાજી, માં કાલિકાના ચાચર ચોકમાં ગવાતો ગરબો આજે ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કવેરથી લઈને લંડનના ટ્રફાલ્ગર સ્કવેર, ટોરન્ટોથી લઈને સિડની અને દુબઈ સુધી રમાઈ રહ્યો છે. વિદેશમાં વસતા ૬૫ લાખથી વધુ ગુજરાતીઓએ ગરબાને જીવંત રાખ્યો છે.

એક સમય હતો જ્યારે નવરાત્રિમાં માત્ર માટીના ગરબામાં દીવો પ્રગટાવીને માં ની આરાધના થતી. આજે એ જ ગરબો લેસર લાઈટ, સાઉન્ડ સિસ્ટમ અને આંતરરાષ્ટ્રીય સ્ટેજ ઉપર પહોંચ્યો છે. પરંતુ તેનો મૂળ ભાવ એ જ છે, શક્તિની ઉપાસના.


આંતરરાષ્ટ્રીય સ્તરે ગરબાની લોકપ્રિયતાના ત્રણ મુખ્ય કારણો છે.

પહેલું કારણ, તેની સમાવેશકતા. ગરબામાં કોઈ નાનું મોટું નથી. અમીર ગરીબ, જ્ઞાતિ જાતિના ભેદ વગર સૌ સાથે ગોળ ગોળ ફરે છે. વર્તુળ એટલે બ્રહ્માંડ અને વચ્ચે રહેલી શક્તિ એટલે આદ્યશક્તિ. આ ફિલોસોફી વિદેશીઓને પણ આકર્ષે છે.

બીજું કારણ, તેની ઉર્જા. ત્રણ તાલી, બે તાલી, હીંચ, દોઢીયું. ગરબાના તાલ એવા છે કે પગ આપોઆપ ઉપડે. વિદેશમાં યુનિવર્સિટીઓમાં ગરબા વર્કશોપ યોજાય છે. અમેરિકાની હાર્વર્ડ અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પણ નવરાત્રિ દરમિયાન ગરબા નાઈટ થાય છે.

ત્રીજું અને સૌથી મહત્વનું કારણ, ગુજરાતી ડાયસ્પોરા. અમેરિકામાં દર વર્ષે ૫૦૦થી વધુ મોટા ગરબા ઈવેન્ટ થાય છે. ન્યુ જર્સીમાં તો એક સાથે ૩૦ હજાર લોકો ગરબે ઘૂમે છે. દુબઈમાં શેખોના પરિવાર પણ ગરબા જોવા આવે છે. લંડનમાં મેયર ઓફ લંડન પોતે નવરાત્રિનું ઉદ્ઘાટન કરે છે.

સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટના ગરબા આજે વૈશ્વિક બ્રાન્ડ બન્યા છે. વડોદરાની યુનાઈટેડ વે, અમદાવાદની માણેકચોક, સુરતના ભાગળના પોળના ગરબાની વાતો વિદેશ સુધી પહોંચી છે. સુરતના માં અંબાજી પ્રાચીન મંદિર જેવા સ્થળોએ આજે પણ પ્રાચીન પરંપરા મુજબ ગરબો ગવાય છે, જ્યાં ડોલરના હારથી માં નો શણગાર થાય છે ત્યારે ખબર પડે છે કે માં ની આરાધના હવે ગ્લોબલ થઈ છે.



નવલી નવરાત્રિ હવે માત્ર ધર્મ નથી, અર્થતંત્ર પણ છે. એક અંદાજ મુજબ નવરાત્રિના નવ દિવસમાં ગુજરાતમાં ૫૦૦૦ કરોડથી વધુનો બિઝનેસ થાય છે. ચણિયાચોળી, જ્વેલરી, સાઉન્ડ, લાઈટ, ઈવેન્ટ મેનેજમેન્ટ. હવે તો આ બિઝનેસ વિદેશ સુધી પહોંચ્યો છે. અમેરિકામાં ચણિયાચોળીની દુકાનો વર્ષભર કમાણી નવરાત્રિ માટે કરે છે.

પરંતુ આંતરરાષ્ટ્રીયતા વચ્ચે આપણે મૂળને ભૂલવું ન જોઈએ. ગરબો એટલે માત્ર ડીજે ઉપર કૂદવું નહીં. ગરબો એટલે ગર્ભદીપ. ગર્ભમાં રહેલો દીવો એટલે આપણામાં રહેલી શક્તિ. જ્યારે આપણે ગરબાની આસપાસ ફરીએ છીએ ત્યારે આપણે આપણી અંદર રહેલી માં ને પ્રદક્ષિણા કરીએ છીએ.

આજે જરૂર છે કે આપણે નવી પેઢીને આ સાચો ગરબો શીખવીએ. ફેશન સાથે પરંપરા જોડીએ. જેથી ગરવી ગુજરાતનો ગરબો આંતરરાષ્ટ્રીય ફલક ઉપર માત્ર નાચ તરીકે નહીં, પણ એક આધ્યાત્મિક શક્તિ તરીકે ઓળખાય.

ગરબો ગુજરાતની ઓળખ છે અને ઓળખ ક્યારેય ભૂંસાતી નથી. જય અંબે!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

ગાંધીનગર મહાનગર ભાજપા અધ્યક્ષ ડો. આશિષકુમાર દવેના મીડિયા સંબોધનના અંશ

૧૧ ઓકટોબર રવિવારે ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી માટે મતદાન થવાનું છે.

હાલમાં ચાલી રહેલા ભાજપા ઉમેદવારોના જનસંપર્ક દરમિયાન તમામ ૧૧ વોર્ડમાં જનતાનો અભૂતપૂર્વ આવકાર અને ભારતીય જનતા માટેનું સમર્થન જોવા મળી રહ્યું છે.

ચુંટણી ટાણે કોંગ્રેસની ફેક ફેકટરી ફરી સક્રિય થઈ ગઈ છે.

પાયાવિહોણા આક્ષેપોના પોટલાં સાથે કોંગ્રેસ ફરી રહી છે.

જમીની સ્તરે જનતાનું સમર્થન ગુમાવી ચૂકેલી કોંગ્રેસ ચુંટણી સમયે જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરી રહી છે.

ગાંધીનગરની જનતા સાક્ષી રહી છે કે, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં પાટનગર સર્વાંગી વિકાસ સાથે વધુ સુંદર, સુવિધાજનક અને આધુનિક બન્યું છે.

પાટનગરનો વિકાસ આંખે ઉડીને વળગે તેવો છે.

પાટનગરની વિકાસયાત્રા માટે કોંગ્રેસના સર્ટિફિકેટની જરૂર નથી.

ભાજપે ઈઝ ઓફ લિવિંગ ને કેન્દ્રસ્થાને રાખીને જનસેવા, જનસુવિધા અને વિકાસના મંત્ર સાથે કાર્ય કર્યું છે.

જેમ જેમ પાટનગર નો વિસ્તાર વધ્યો જેમ જેમ પાટનગરમાં જનસંખ્યા વધી તે મુજબ જરૂરિયાતોને અનુરૂપ પાટનગરના સર્વાંગી વિકાસ પર ભારતીય જનતા પાર્ટીએ વિશેષ ભાર આપ્યો છે.

મેટ્રો, છઝ ઈલેક્ટ્રિક બસ સહિત પરિવહનથી લઈને આરોગ્ય, સ્વચ્છતા, શિક્ષણ, પર્યાવરણ, પાણી, આવાસ અને નાગરિક સુવિધાઓ સુધી દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામગીરી થઈ છે અને ગાંધીનગરને વધુ આધુનિક, સુવિધાસંપન્ન અને વિકસિત શહેર બનાવવાની દિશામાં ભાજપા સતત કાર્યરત છે.



ગાંધીનગરના વિકાસને જનતાએ જાતે જોયો છે, અનુભવ્યો છે.

પાંચ વરસ ગાયબ રહેલા કોંગ્રેસીઓ વરસાદી દેડકા ની જેમ બહાર આવી ગયા છે.

કોંગ્રેસને જનતા સાથે કોઈ લેવાદેવા નથી, તેમને માત્ર મત માં જ રસ છે.

પણ ગાંધીનગરની જનતા રંગ બદલતી કોંગ્રેસને ખૂબ સારી રીતે ઓળખી ચૂકી છે.

ગાંધીનગરની જનતાને વિવાદ નહિ વિકાસ જોઈએ છે. માટે જનતાની પસંદગી ભાજપા રહેવાની છે.

કોંગ્રેસને ક્યારેય ગુજરાતનો વિકાસ દેખાયો નથી.

આ ચુંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો અને જનતાના આશીર્વાદ થી ભાજપાનો ઐતિહાસિક વિજય નિશ્ચિત છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat